नामांका Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. Of Questions - 11

**S–73–Gujarati (T.L.)**

No. Of Printed Pages - 03

# माध्यमिक परीक्षा, 2016

# SECONDARY EXAMINATION - 2016

## ગુજરાતી

## (GUJARATI)

(THIRD LANGUAGE)

समय : $3\frac{1}{4}$ घण्टे

पूर्णांक : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

1 પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2 દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

3 પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4 જે પ્રશ્નોમાં આન્તરીક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5 પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6 પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

પ્રશ્ન-1 નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રધ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રધ્ધા થી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિન્તનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઇ જાય તો વિશ્વની કોઈપણ તાકાત તેને અટકાવી સકે નહીં. ત્રીજું કર્તવ્ય સેવા-ભાવનાનું છે. સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના યક્ષ પર્વ માં 'વૃધ્ધો ની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.' તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુધ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુધ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવા જોઈએ.

-વિનોબા ભાવે

પ્રશ્નો :-

(i) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય કયું છે? (2)

(ii) વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય કયું છે? (2)

(iii) વિદ્યાર્થીઓ એ દુનિયાની તમામ બાબતોનું અવલોકન કેવી રીતે કરવું જોઈએ? (2)

(iv) મહાભારતના યક્ષ પર્વમાં કયા પ્રકારની કથા છે. (2)

(v) આ ગદ્ય-ખંડને યોગ્ય શીર્ષક આપો. (2)

પ્રશ્ન-2 નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો. (8)

(i) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

(ii) પરિશ્રમ એ જ પારસમણિ

(iii) માતૃપ્રેમ

(iv) આદર્શ વિદ્યાર્થી

(v) રાષ્ટ્રીય તહેવાર : ૨૬ મી જાન્યુઆરી

પ્રશ્ન-3 તમારી શાળામાંથી ઉનાળાની રજાઓમાં એક પ્રવાસનું આયોજન થયું છે. એ પ્રવાસમાં જવા પરવાનગી માગતો પત્ર પિતાજીને લખો. (7)

પ્રશ્ન-4 નીચેનો પઠિત ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

જેઠ માસ વહી જતો હતો, છતાં વરસાદનાં કશાં એધાંણ દેખાતા ન હતાં. કપિલવસ્તુના શાકયો અને તેમના પાડોશી કોલિયગ્રામના કોલિયો મુંઝવણમાં પડ્યા હતાં. તેમની ખેતી સુકાઈ રહી હતી.

કપિલવસ્તુ અને કોલિયગ્રામ વચ્ચે રોહિણી નદી વહેતી હતી. બંને ગામના લોકો બંધ બાંધીને નદીનું પાણી ખેતીના ઉપયોગમાં લેતા પણ આ વેળા વરસાદના અભાવે પાણીનો પ્રવાહ પાતળો થઇ ગયો હતો એટલે બંને ગામને તે પૂરું પડી શકે તેમ ન હતું. પરિસ્થિતિ વિકટ બનતાં બંને ગામના ખેડૂતો એકઠાં થયા.

પ્રશ્નો :-

(i) શાકયો અને કોલિયો શા માટે મુંઝવણમાં પડ્યાં હતાં? (1)

(ii) રોહિણી નદી કયા બે ગામો વચ્ચેથી વહેતી હતી? (1)

(iii) બંને ગામના લોકો નદીના પાણીનો ઉપયોગ કઈ રીતે કરતાં હતાં? (1)

(iv) બંને ગામના લોકો શા-માટે એકઠાં થયા હતાં? (1)

(v) નદી શબ્દના બે પર્યાયવાચી શબ્દ લખો? (1)

પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો.

[અ] (i) નીચેના વાક્યને નકાર-વાક્ય બનાવો. (2)

આકાશમાં વાદળા હતાં.

(ii) નીચેના વાક્યને હકાર વાક્ય બનાવો. (2)

બધાં વિદ્યાર્થી સરખા ન હોય.

[બ] (i) વિરુધ્ધાર્થી શબ્દો લખો. (2)

(1) સવાર (2) પ્રત્યક્ષ

(ii) નીચેના વાક્યમાંથી સંજ્ઞા અને વિશેષણ ઓળખાવો. (2)

માયાળું ડોશીમાં આવ્યાં.

[ક] (i) વાક્ય સુધારો. (2)

અંબા ઉત્તર ગુજરાતની એ છે સાબરમતી.

` (ii) પ્રશ્નવાચક વાક્ય બનાવો. (2)

આવતી કાલે મિષ્ટાન્ન છે.

[ડ] (i) લિંગ બદલો. (2)

રૂપાળો છોકરો રમે છે.

(ii) વચન બદલો. (2)

(1) પુસ્તક (2) સ્ત્રી

(iii) રૂઢિ પ્રયોગોનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. (4)

(1) મોંમાં પાણી આવવું. (2) ધૂળ કાઢી નાખવી.

<u>નીચેના ગદ્ય પ્રશ્નોના જવાબ લખો.</u> (15)

પ્રશ્ન-6 'આંગળી ઝાલીને એને દોરજે !' પાઠમાં પત્રલેખકના બાળકનું શાળામાં દાખલ થતાં પહેલાનું વિશ્વ કેવું હતું તેનું વર્ણન કરો.

પ્રશ્ન-7 નાનાભાઈનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

પ્રશ્ન-8 'પંચપટરાણીની સેવામાં ઘરકામ' પાઠમાં લેખકને મન ઘર એટલે શું તે વર્ણવો.

<u>નીચેના પદ્ય પ્રશ્નોના જવાબ લખો.</u> (15)

પ્રશ્ન-9 શ્રીકૃષ્ણનું દર્શન કરવા માટેના કયા કયા માર્ગ મીરાંબાઈ એ દર્શાવ્યા છે તે જણાવો.

પ્રશ્ન-10 'મને જોઇને ઊડી જતાં પક્ષીઓને' કવિતામાં કવિ ઊડી જતાં પંખીઓને શું કહે છે?

પ્રશ્ન-11 'એ લોકો' કવિતામાં કવિનો 'એ લોકો' પ્રત્યે આક્રોશ થવાનાં કારણો જણાવો.

---------------------------